# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. ઉત્તરાખંડમાં આપત્તિગ્રસ્ત વિસ્તારમાં રાહત અને બચાવ કાર્ય પૂરજોશમાં.
2. વર્ષ 2024—25માં વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન અત્યાર સુધીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચ્યું.
3. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અભિયાનમાં બે જવાન શહીદ.
4. નાસાના ક્રૂ —10 મિશનના ચાર અવકાશયાત્રી આજે બપોરે કૅલિફૉર્નિયા પાસે પ્રશાંત મહાસાગર પર ઉતરે તેવી સંભાવના.
5. રેલવેએ શરૂ કરેલી રાઉન્ડ ટ્રીપ પેકેજ યોજના હેઠળ મુસાફરોને 20 ટકાની છૂટ અપાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# UTTARKASHI RESCUE

ઉત્તરાખંડમાં ઉત્તરકાશી જિલ્લાના આપત્તિગ્રસ્ત ધરાલિ—હર્ષિલ વિસ્તારમાં રાહત અને બચાવ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની સંસ્થાઓ ગુમ થયેલા લોકોને શોધવા અને મૂળભૂત સુવિધાઓ પુનઃસ્થાપિત કરવામાં લાગી છે.

સેના, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ, પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રના સહકારથી બચાવ અભિયાન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં 629 લોકોને બચાવાયા છે. મહારાષ્ટ્રથી આવેલા એક યાત્રિકે આ માટે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો.

## (BYTE: YATRI DHARALI)

જિલ્લા અધિકારી પ્રશાન્ત આર્યએ કહ્યું, દરેક અસરગ્રસ્ત પરિવારને તાત્કાલિક રાહત તરીકે પાંચ હજાર રૂપિયાની રકમ અપાઈ છે. દરમિયાન રાજ્ય પોલીસ મહા-નિદેશક દીપમ સેઠે ગઈકાલે રાહત અને બચાવ કાર્યની સમીક્ષા કરી. તેમણે સોશિયલ મીડિયા પર ભ્રામક માહિતી પ્રસારિત કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

## (BYTE: DEEPAM SAITH, DGP)

# CHINA RAIN

ચીનના ગાન્સુ પ્રાન્તની ઝૂઑન્ગ કાઉન્ટીમાં ત્રણ દિવસના ભારે વરસાદ બાદ અચાનક આવેલા પૂરથી ઓછામાં ઓછા 10 લોકોના મોત થયા છે. જ્યારે 33 લોકો ગુમ થયાના અહેવાલ છે.

સરકારી માધ્યમો મુજબ, વીજળી અને દૂરસંચાર સેવા બંધ થવાથી સ્થિતિ વધુ બગડી છે  અને ઝિન્ગલૉન્ગના પર્વતીય ગામમાં ચાર હજારથી વધુ લોકો ફસાયા છે. ગ્વાન્ગડૉન્ગ પ્રાન્તમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન પણ થયું છે.

# DEFENCE PRODUCTION MILESTONE

નાણાકીય વર્ષ 2024 –25માં વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન વધીને એક લાખ 51 હજાર કરોડ રૂપિયા સાથે અત્યાર સુધીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે. આ સિદ્ધિ ગત નાણાકીય વર્ષમાં એક લાખ 27 હજાર કરોડ રૂપિયાના ઉત્પાદનની સરખામણીએ 18 ટકાની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આ વૃદ્ધિની પ્રશંસા કરતા કહ્યું , આ સંરક્ષણ ઔદ્યોગિક આધારને મજબૂત બનાવવાનો સ્પષ્ટ સંકેત છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંઘે સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન વિભાગ અને અન્ય હિસ્સેદારોની પ્રશંસા કરી.

# PREZ PM RAKSHA BANDHAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રક્ષાબંધનના પર્વ નિમિત્તે આજે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું , આ પવિત્ર તહેવાર સમાજમાં સદભાવ અને એકતાને પ્રોત્સાહન આપે છે તથા ભાઈ-બહેનો વચ્ચે પ્રેમ અને વિશ્વાસના વિશેષ બંધનનું પ્રતીક છે.

સુશ્રી મુર્મૂએ કહ્યું, આ તહેવાર ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને નૈતિક મૂલ્યોને જાળવવાની તક પણ છે અને તે મહિલાઓના અધિકારોનું રક્ષણ અને સન્માન કરવાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિએ દેશવાસીઓને એક સમૃદ્ધ દેશના નિર્માણનો સંકલ્પ લેવાનો પણ આગ્રહ કર્યો , જ્યાં દરેક મહિલા સલામત અનુભવે અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિયપણે યોગદાન આપી શકે.

# PM SANSKRIT DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રાવણ પૂર્ણિના નિમિત્તે ઉજવાતા વિશ્વ સંસ્કૃત દિવસની તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, સંસ્કૃત જ્ઞાન અને અભિવ્યક્તિનો શાશ્વત સ્ત્રોત છે અને તેની અસર દરેક ક્ષેત્રમાં જોવા મળે છે.

શ્રી મોદીએ કહ્યું, ગત દાયકામાં સરકારે સંસ્કૃતને લોકપ્રિય બનાવવાની દિશામાં ઘણા પ્રયાસ કર્યા છે, જેમાં કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય અને સંસ્કૃત શિક્ષણ કેન્દ્રનું નિર્માણ કરવું, સંસ્કૃત વિદ્વાનોને અનુદાન ઉપલબ્ધ કરાવવું અને પાંડુલિપિઓના ડિજિટાઇઝેશન સાથે જોડાયેલા જ્ઞાન ભારતમ્ મિશન સામેલ છે. પ્રધાનમંત્રીએ કહ્યું ,

**તેનાથી ઘણા વિદ્યાર્થીઓ અને સંશોધનકારોને લાભ થયો છે. તેમણે ઉમેર્યું , આ સંસ્કૃત શિખવા અને તેને લોકપ્રિય બનાવવાની દિશામાં દરેક વ્યક્તિના સહકારના મહત્વને દર્શાવે છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PM QUIT INDIA MOVEMENT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીજીની નેતૃત્વમાં ભારત છોડો આંદોલનમાં જોડાયેલા બહાદુરોને યાદ કર્યા. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું , તેમની હિમ્મતના કારણે જ દેશપ્રેમની ભાવના જાગી , જેણે અસંખ્ય લોકોમાં સ્વતંત્રતાની ઈચ્છા જગાડી હતી.**

# JK ENCOUNTER

જમ્મુ-કાશ્મીરમાં કુલગામ જિલ્લાના અખલ વન વિસ્તારમાં ચાલતા આતંકવાદ વિરોધી અભિયાનમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સેનાના બે જવાન શહીદ થયા છે. ગયા શુક્રવારે શરૂ થયેલી આ અથડામણ સામેના અભિયાનનો આજે નવમો દિવસ છે. શ્રીનગરના ચિનાર કૉર્પ્સના સૈન્ય પ્રવક્તાએ સોશિયલ મીડિયા પર શહીદ જવાનો લાન્સનાયક પ્રિતપાલ સિંહ અને સિપાહી હરમિન્દર સિંહને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું, અથડામણ સ્થળ પર સલામત દળોના ઘેરા બાદ ગઈકાલ રાતથી  જોરદાર વિસ્ફોટ અને વચ્ચે-વચ્ચે ગોળીબાર થતો રહ્યો. દુર્ગમ જંગલોમાં ડ્રૉનથી દેખરેખ અને વધારાના સુરક્ષા દળ તહેનાત કરાયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ત્રણ અજાણ્યા આતંકવાદીઓને ઠાર કરાયા છે.

# NASA MISSION

નાસાના ક્રૂ —10 મિશનના ચાર અવકાશયાત્રી ગઈકાલે સ્પેસએક્સ ડ્રેગન કેપ્સૂલમાં સવાર થઈ આંતર-રાષ્ટ્રીય અવકાશ-મથકથી રવાના થયા અને પૃથ્વી પર પરત આવવા માટેની 18 કલાકની યાત્રા શરૂ કરી. અમેરિકાના અવકાશયાત્રી ઍની મૅકક્લેન અને નિકોલ ઍયર્સ  , જાપાનના તાકુયા ઑનિસી અને રશિયાના કિરિલ પેસ્કોવ આજે બપોરે 3 વાગ્યેને 33 મિનિટે કૅલિફૉર્નિયા પાસે પ્રશાંત મહાસાગર પર ઉતરે તેવી સંભાવના છે.

146 દિવસમાં આ અવકાશયાને છોડના વિકાસ અને કોષ વર્તન પર સુક્ષ્મ ગુરુત્વાકર્ષની અસરો પર 200થી વધુ મહત્વના પ્રયોગ પૂર્ણ કર્યા. ક્રૂ- 10ને ક્રૂ-નવની જગ્યાએ માર્ચમાં મોકલાયું હતું.

# RAILWAYS RETURN JOURNEY

રેલવેએ રાઉન્ડ ટ્રીપ પેકેજ યોજના શરૂ કરવાનો નિર્ણય લીધો છે . તે અંતર્ગત મુસાફરોને પરત આવતા વખતે 20 ટકાની છૂટ અપાશે. આ યોજના હેઠળ આ છૂટ ત્યાં સુધી લાગુ રહેશે. જ્યારે જવા અને પરત આવવા બંને યાત્રા માટે એક જ યાત્રી સમૂહ માટે ટિકિટ બૂક કરાશે.

રેલવે મંત્રાલયે જણાવ્યું , આ યોજના હેઠળ નોંધણી કરાયેલી ટિકિટનું ભાડું પરત નહીં અપાય. 13 ઑક્ટોબર સુધીના સમયગાળા માટે આ યોજના હેઠળ બૂકિંગ આ મહિનાની 14 તારીખથી શરૂ થશે. પરત ફરતી મુસાફરી માટે ટિકિટ બૂક કરતા સમયે 60 દિવસનું એડવાન્સ રિઝર્વેશન સમયગાળો લાગુ નહીં થાય.

# WMO-WARNING

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન - **WMO** એ ચેતવણી આપી છે કે ભારે ગરમી વિશ્વભરના લાખો લોકોને અસર કરી રહી છે.

WMO ના આંકડા મુજબ, વિશ્વભરના ઘણા પ્રદેશોમાં તાપમાન વિક્રમ તોડી રહ્યું છે. સરેરાશ દરિયાઇ સપાટીનું તાપમાન પણ વધી રહ્યું છે. જુલાઈમાં યુરોપમાં ગરમીની સ્થિતિએ ખાસ કરીને સ્વીડન અને ફિનલેન્ડને અસર કરી હતી , જ્યાં તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસથી ઉપર અસામાન્ય રીતે વધ્યું હતું. WMO એ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે પશ્ચિમ એશિયા, દક્ષિણ મધ્ય એશિયા, ઉત્તર આફ્રિકાના મોટાભાગના ભાગો, દક્ષિણ પાકિસ્તાન અને દક્ષિણપશ્ચિમ અમેરિકામાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું હતું. દક્ષિણપશ્ચિમ ઈરાન અને પૂર્વી ઇરાકમાં મહત્તમ તાપમાન વધી રહ્યું છે. આનાથી ભારે ગરમી અને વિનાશક જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ વધી રહી છે.

## PAKISTAN-ITERNET

પાકિસ્તાનની માનવાધિકાર પરિષદે બલુચિસ્તાનમાં ઇન્ટરનેટ અને મોબાઇલ સેવાઓ બંધ કરવાની ટીકા કરી છે અને કહ્યું છે કે તે "મૂળભૂત અધિકારોનું ઘોર ઉલ્લંઘન" છે. આ રોકથી લાખો લોકોને અસર કરી છે કારણ કે તેનાથી સંદેશાવ્યવહાર, શિક્ષણ અને આરોગ્ય પર પ્રતિકૂળ અસર પડી છે. પરિષદે સૂચના આપી હતી કે આવી સામૂહિક સજા જાહેર વિશ્વાસ અને લોકશાહીને નબળી પાડે છે.

વૈશ્વિક માનવાધિકાર સંસ્થાઓને ટાંકીને, પરિષદે કહ્યું કે ઇન્ટરનેટ ઍક્સેસ એ લોકોનો મૂળભૂત અધિકાર છે. તેમણે આ સેવાઓ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાની માંગ કરી

**અને પાકિસ્તાનના ન્યાયતંત્રને બલુચિસ્તાનના નાગરિકોને સમાન અધિકારો સુનિશ્ચિત કરવા અપીલ કરી.**